નં.જીઆઈડીસી/ઓએન્ડ/સીઆઈઆર/કોસ્ટ/૧૯
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા. ૨૦/૦૬/૨૦૧૮

## // પરિપત્ર //

નિગમ દ્વારા સ્થપાયેલ કાલાવાડ તથા ભવિષ્યમાં સ્થપાનાર ઔદ્યોગિક વસાહતો કે જેના માટે સરકારશ્રી દ્વારા સંપૂર્ણ સરકારી જમીન ફાળવવામાં આવેલ હોય તે જમીનના ફાળવણી દર નક્કી કરવા માટે વ્યાજ, કન્ટીજન્સી તથા ઓવરહેડ ખર્ચના દરોની સમીક્ષા કરવા અંગેની બોર્ડ એજન્ડા નિગમની ૫૦૦મી સભા સમક્ષ રજૂ કરવામાં આવી. જેમાં પુખ્ત ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે મંજૂર કરવામાં આવેલ ઓવરહેડ, કન્ટીજન્સી તથા વ્યાજના સુધારેલા દરોને ગણતરીમાં લઈને ઠરાવ ક્રમાંક - ૨૦/ હિસાબ/ કોસ્ટ/ ૫૦૦ તા.૨૨/૦૫/૨૦૧૮ માં ઠરાવ્યા મુજબ જામનગર જિલ્લામાં આવેલ કાલાવાડ ઔદ્યોગિક વસાહતમાં આવેલ **એમ.એસ.એમ.ઈ. (૨૦-૧૮-૦૩ ચો.મી.) નો ફાળવણી દર રૂા.૨૪૩૫/- પ્રતિ ચો.મી. દીઠ અંદાજિત** (રૂા. ૪૮૭૦/- પ્રતિ ચો.મી.દીઠ ના ૫૦% ના ધોરણે સરકારશ્રી તરફથી મળવાપાત્ર સબસીડીને ધ્યાને લેતાં, જો સબસીડીનું પ્રમાણ ૫૦% કરતાં ઓછું થાય તો જેટલું ઘટે તેટલે અંશે ફાળવણી દર વધે અને તે તફાવતની રકમ ફાળવણીદારો પાસેથી યથા યોગ્ય સમયે વસુલાત કરવાની રહે.) તથા **સામાન્ય વસાહત (નોન એમ.એસ.એમ.ઈ.) (૧૦-૮૧-૯૭ ચો.મી.) માટે ફાળવણી દર રૂા. ૪૧૮૦/- પ્રતિ ચો.મી. દીઠ અંદાજિત** નિયત કરવામાં આવ્યો.

સરકારશ્રી માંથી જમીન સંપાદનનો દર આખરી થયેલ ન હોવાથી તે આખરી થયે, તફાવતની રકમ ફાળવણીદારો પાસેથી નિગમના નીતિ નિયમ મુજબ અલગથી વસૂલ કરવાની રહેશે. જેનો ફાળવણી પત્ર અને કરારખત / લીઝડીડમાં અચૂક ઉલ્લેખ કરવાનો રહેશે. જે બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

**સહી/-**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી,
જીઆઈડીસી, ગાંધીનગર.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ............

રવાના કર્યું.

જનરલ મેનેજર (મહેકમ)
જીઆઈડીસી, ગાંધીનગર.